**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં અનલોક-૧ ને આવકાર

**ગાંધીનગર, તા.૩૧**

**લોક ડાઉનની સીરીઝ પૂરી થાય ને હવે અનલોક સિઝન શરૂ થવાની સાથે સરકાર દ્વારા હાલમાં જૂન મહિના સુધી અનલોક -૧ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં લોક ડાઉન ૪ કરતા વધુ છૂટછાટ આપવામાં આવી છે. જનતા કરફ્યૂનો સમય સાંજના ૭ વાગ્યા સુધી લંબાવવામાં આવ્યો છે. સાથે રેસ્ટોરન્ટ, મોલ, જાહેર બસ સેવા તથા ધાર્મિક સ્થળોના દરવાજા પણ હવે ખુલશે ત્યારે નગરના વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલા નગરજનોનો અનલોક-૧ વિશેનો પ્રતિભાવ જાણીએ.**

### ● અનલોક-૧ સરાહનીય છે

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ અનલોક-૧ મારા મતે સરાહનીય છે. અત્યાર સુધી કરવામાં આવેલ લોક ડાઉન જેમ જરૂરી હતું તેમ જ. ઈકોનોમિકલ નહીં પરંતુ ડેઈલી વેજીસ પર કાર્ય કરતા તમામ માટે હવે કમાઈ ને પોતાની રોજી રોટી રોડવી શકે તે માટે. શાળાના પ્રિન્સીપાલ તરીકે હું કહીશ કે બાળકો ઝૂમ ક્લાસથી ભણવા ટેવાઈ ગયા છે તો સરકાર જો હજી દિવાળી સુધી શાળામાં બાળકો ને આવવા માટે ના કહે તો પણ વાંધો નથી અને ત્યાં સુધી કોરોનાની પરિસ્થિતિ પણ વધુ સમજાઈ જશે. અમે શિક્ષકો મોટા છીએ સોશીયલ ડિસ્ટન્સ કેળવી લઈશું પણ નાના બાળકો હજુ આ બાબત ને સમજી નહિ શકે અને એમનો ઈમ્યુનીટી પાવર પણ એટલો ના જ હોય અને આમ પણ ઝૂમ ઓનલાઈન સ્ટડીમાં હાજરીનો વાંધો પણ નથી આવતો અને બાળક એમના રીતે ભણી પણ લે છે.



**- અર્પિત ક્રિશ્ચિયન, પ્રિન્સીપાલ, એમ.બી.પટેલ ઇંગ્લીશ મીડીયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ**

### ● દરેક વ્યકિતએ હવે વધુ જવાબદાર બનવું જરૂરી

ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલો અનલૉક ૧ નો તબક્કો ખૂબ જ સરાહનીય છે. દેશમાં આર્થિક રૂકાવટ ના આવે અને જનજીવનપૂર્વવત ચાલુ થાય તેવી માનસિકતા સૌએ કેળવી લીધી છે. કોરોના મહામારીએ દરેક વ્યક્તિને જવાબદાર નાગરિક બનાવ્યા છે. રોજબરોજ કમાઈને લાવનાર રળિયાત વર્ગ અને મધ્યમ વર્ગીય પરિવાર ને આરામ નહીં કામ જોઈએ છે. સોશિયલ ડિસ્ટન્સ અપનાવીને અને સાવચેતીના પગલાં સાથે તંદુરસ્તી સાચવીને કામ કરનાર વર્ગ હવે જાગૃત થઈ ગયો છે.



કોરોનાથી પણ ખતરનાક મહામારી સાથે ઘણા દેશો જેવા કે આફ્રિકા તેમનો રોજિંદુ જીવન વિતાવી રહ્યા છે મનુષ્યને કામ અને મહેનત સાથે મરવું મંજૂર છે પરંતુ આળસથી કે ડરીને બેસી રહેવું આજના સમયમાં કોઈને પોસાય તેમ નથી. હું એક યોગ અને પ્રાકૃતિક ચિકિત્સક તરીકે એ જ કહીશ કે સહુ કોઈ તેમના રોજિંદા જીવનમાં યોગ, પ્રાણાયામ પ્રાકૃતિક ચિકિત્સા અને આયુર્વેદ અપનાવે. અનલોક - ૧ ખૂબ જ સામાન્ય છે. થોડાક જ ક્ષેત્રમાં પ્રતિબંધ છે. સૌ સાચવીને કાર્ય કરે અને કોરોના જેવી મહામારીથી જંગ જીતી ને જ રહે. સરકારના સાવચેતીભર્યા પગલાને કોઈપણ નાગરિક નેગેટિવના લે. નહીં તો કોરોના પોઝિટિવ આવશે એમ માનવું જરૂરી છે. આત્મનિર્ભરતા જરૂરી છે સાથે રોગપ્રતિકારક શક્તિ વધારવી પણ જરૂરી છે.

**- પારૂલ મેહતા, યોગ અને નેચરોપેથી ઇન્સ્ટ્રક્ટર, શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩**

### ● હોટલ-રેસ્ટોરન્ટ માટે હવે સરકાર કંઈક વિચારે

અનલૉક-૧ ની નવી ગાઈડ લાઈન આવકરનીય છે. પરંતુ હોટલ, રેસ્ટોરન્ટ કે ખાણી પીણી જેવા વેપાર વિશે સરકારે સમય ને લઈને કાંઈક વિચારવું જોઈએ. સામાન્ય રીતે અહીંયા સાંજના સમયે વેપાર વધારે હોય છે અને ઉનાળાના સમયમાં દરેક રાત્રે ૮થી ૧૦ દરમિયાન ઘરની બહાર નીકળીને ડીનર કરવાનું પસંદ કરે છે. જો આ તારીખ બાદ હોટલ રેસ્ટોરન્ટ ખુલ્લા પણ થાય તો પણ સાત વાગ્યા સુધી માં આવવાનું કોઈ પસંદ કરશે જ નહીં અને માની લઈએ કે નવ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે પરંતુ સ્ટાફને પોતાના ઘરે જવા માટે જો કરફ્યૂ અમલ કરવાનો આવે તો તેમને વહેલા જ ઘરે જતું રહેવું પડે. સ્ટાફ મોટાભાગે રાજસ્થાનથી આવનાર છે. તે લોકો અહીં આવી શકશે કે નહીં તે પણ જોવું રહ્યું.



**- રાજુભાઈ જોષી, બંસરી રિસોર્ટ**

### ● કલાકારો માટે હવે કસોટીના દિવસો પૂરા થયા

માર્ચ મહિનામાં આસામ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ પ્રસ્તુત કરી ગાંધીનગર ખાતે પરત ફરતાની સાથે જ લોકડાઉનની જાહેરાત થતાં, અચાનક બધી જ પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ. થોડા સ્તબ્ધ પણ થઈ ગયા. પણ આ કોઈ માનવસર્જિત આપત્તિ તો ન હતી. આ તો કુદરતી પ્રકોપ હતો. એટલે એને ઈશ્વરની જ ઇચ્છા સમજી, સૌ કલાકારોએ, સમૂહમાં નહીં પરંતુ વ્યક્તિગત રીતે તેમની પ્રવૃત્તિઓ ઘરે બેસીને જ ચાલુ રાખી. પરંતુ જે કલાકારો ફક્ત ને ફક્ત કાર્યક્રમો પર નિર્ભર છે. કલા જ જેનો વ્યવસાય છે તેને માટે તો આ કપરી કસોટી જ હતી. તેઓ ન તો કોઈની સામે હાથ ફેલાવી શકતા હતા કે ના તો સહાય કેન્દ્રોની લાઈનમાં ઊભા રહી શકતા હતા. આવી સખત મુંઝારા અનુભવતી સ્થિતિમાં સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ 'અનલોક-૧', થી વધારે રૂડું શું ? જોકે અત્યારે તો સ્ટુડિયો રેકૉર્ડિંગ્સ કે નાના નાના ભક્તિ સંગીતના એકલ દોકલ કાર્યક્રમો જ કદાચ કરી શકશે. જાહેર કાર્યક્રમો શરૂ થશે પછી જ જીવમાં જીવ આવશે. પણ અત્યારે તો 'શ્રી ગણેશ' થઈ ગયા, એનો અનેરો આનંદ છે.



**- મયંક દવે, સુરમધુર કલાવૃંદ સંસ્થા**

### ● જીમ ખોલવા પણ મંજુરી આપવી જોઈએ

કોરોનાના લીધે થયેલા લોક ડાઉન સાથે દરેક ધંધા રોજગારમાં આર્થિક મહામારી આવી છે તેમ જ ફિટનેસ ઈન્ડસ્ટ્રી પણ એમાંથી બાકાત નથી.

હાલમાં જાહેર કરેલા અનલૉક-૧માં સરકાર દ્વારા જરૂરી અને બિનજરૂરી તમામ વસ્તુઓ માટે રાહત આપી છે પરંતુ ફિટનેસ ઈન્ડસ્ટ્રી અને જીમ માં નહિ અને આ નિર્ણય થી જીમના માલિક અને ટ્રેઈનર સંતુષ્ઠ નથી. ગલ્લા, શોપિંગ મોલ, ધાર્મિક સ્થળો, ટ્રેન, બસ, ફ્લાઇટ, રેસ્ટોરન્ટ, ઓફિસ, સલૂનને હવે મંજૂરી મળી છે તો કસરત કરી ને તો એક માણસ પોતાની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે તો યોગ્ય કસરત શીખવતું જીમ કેમ નહિ? શહેર અને ગુજરાતના તમામ જીમ ટ્રેઈનર અને માલિકોને પાછલા બે મહિનાથી જીમનું ભાડું, બિલ, પગાર, લોન અને જીએસટી ચૂકવવામાં તકલીફ પડી રહી છે અને અમુક જીમ ટ્રેનરોનું તો ઘર જ જીમના પગાર થી ચાલે છે. એક જીમની માલિક તરીકે હું કહીશ કે સરકાર દ્વારા અમને પણ ભાડા અને જી એસ ટીમાં રાહત મળવી જોઈએ. યોગ્ય સાવચેતી ના પગલાં સાથે જીમને પણ ખોલવાની મંજૂરી મેળવી જોઈએ. આજે નહિ તો કાલે કોવિડ ૧૯ થી લડી ને નોર્મલ લાઈફ સ્ટાઈલ પર પાછું આવવાનુ જ છે તો આજથી જ કેમ નહિ?



**- રીની ખંભોળજા, જીમ ઓનર અને ટ્રેઈનર, કેવલ રીની ફિટનેસ સ્ટુડિયો**

### ● સ્ટેમ્પ ડયુટીમાં રાહત મળવી જોઈએ

કેડાઈ દ્વારા અમે પિટિશન કરી છે અમને મળતા બેનિફિટને લઈને. રેરામાં ત્રણ મહિના સુધી એક્શન સરકાર દ્વારા અપાયું છે એના સિવાય રાહતમાં સ્ટેમ્પ ડયુટીમાં કર્ણાટકની જેમ અમને પણ છૂટછાટ મળે તેવી અમારી માંગ છે. રેરામાં પણ ત્રણની બદલે છ મહિનાનું એક્સ્ટેન્શન અમે માંગ્યું છે. અમુક વ્યાજ ની માફી સાથે ઈનપુટ ક્રેડિટ અને જી એસ ટી ઘટે એવી પણ અમારી રજૂઆત છે. આ બધી પ્રોસેસ બાદ રિયલ એસ્ટેટનો બિઝનેસ શરૂ કરવો હોય તો તેની સાથે એક ચેઈન પણ શરૂ થાય તે જરૂરી છે. સિમેન્ટ, કપચી અને અન્ય માલસામાન ધીરે ધીરે અહીં આવવાનું શરૂ થાય તો જ અમારો ધંધો આગળ શરૂ થઈ શકે અને સાથે જ માર્કેટમાં લિકવિડીટી પણ જળવાય.



**- નિસર્ગ પટેલ, બિલ્ડર, હરિ ગ્રુપ**

### ● હવે આપણે વધુ સાવધાની રાખવી જરુરી છે

સરકાર દ્વારા અનલૉક-૧માં આવનાર દિવસોમાં મળનાર લગભગ બધી જ છૂટછાટ ની તબક્કા વાર જાહેરાત કરવામાં આવી છે. એક જાગૃત નાગરિક તરીકે આપણે ખરેખર સતર્કતા અને સાવચેતી હવે જ રાખવાની છે. બહાર નીકળીએ ત્યારે તેમ જ માનવું કે મારી નજીક ઉભેલી વ્યક્તિ કોરોના વોરિયર છે. આ હાઈવે પર કાર ચલાવવા જેવું છે ગમે તેટલું સારું ડ્રાઈવિંગ કરતા હોવ સામેવાળાની ભૂલથી પણ અકસ્માત થાય.



**- સોનલ એચ. તન્ના, ગૃહિણી**




માણસા-ઈટાદર ચોકડી પાસેથી એલસીબી પોલીસે રીઢા બાઈક ચોરને ચોરીના બાઈક સાથે પકડી પાડયો હતો. એલસીબી પોલીસે માણસા વિસ્તારમાંથી ૪ બાઈકની ચોરીનો ભેદ ઉકેલી નાંખીને ૩ બાઈક અને એન્જીન મળી કુલ રૂ. ૭૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વાહનચોરીનો ભેદ ઉકેલી ચોર ઈસમ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સે-૯, ૨૮ અને ૨૯ અમુક વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા સેકટર-૯,૨૮ અને ૨૯ ના અમુક વિસ્તારને તા. ૩૦ મી મે, ૨૦૨૦ના રોજ મહાનગરપાલિકાના કમિશનરશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડીને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ-૧૯ના કેસો નોધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતાં સેકટર-૯,૨૮ અને ૨૯ના અુમક વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસનો પોઝિટીવ કેસ નોંધાયો છે. જેથી સેકટર-૯ માં જી- ટાઈપના ફ્લેટ નંબર ૨૮૪ માં આવેલા અંદાજીત ૬ ઘરોમાં રહેતા આશરે ૨૮ જેટલી વસ્તી ધરાવતા વિસ્તાર, સેકટર- ૨૮માં બાલોઉધાનની સામેના ભાગે આવેલા છ-ટાઈપ બ્લોક નંબર- ૧૧૩ થી ૧૧૮ ની અંદર સમાવિષ્ટ વિસ્તારમાં આવેલા ૬૦ જેટલા ઘરોમાં રહેતા ૧૩૦ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

તેમજ સેકટર-૨૯માં રીંગ રોડ અને ચ રોડની વચ્ચે આવેલા વંદે માતરમ્-૨માં આવેલા બ્લોક નંબર - ૧૧ અને ૧૨ના વિસ્તારમાં આવેલા અંદાજીત ૫૬ જેટલા ઘરોમાં રહેતા ૨૮૨ જેટલી વસ્તી ધરાવતા અને સેકટર-૨૯ ના જ ટાઈપ ના બ્લોક નંબર-૧૨૬ થી ૧૨૯ને આવરી લેતા વિસ્તારમાં આવેલા અંદાજીત ૪૦ ઘરોમાં રહેતા ૧૨૬ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. ભવસાર યોગેશભાઈ રજનીકાન્ત, ઉ.વ. ૬૧, મુ. પેથાપુર
- સ્વ. મફાભાઈ વેલાજી મારવાડી, ઉ.વ. ૫૨, સેકટર-૬
- સ્વ. નાયી મંજુલાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૬૨, મુ. માણેકપુર
- સ્વ. વાઘેલા અશોકભાઈ વિઠ્ઠલભાઈ, ઉ.વ. ૪૮, મુ. પેથાપુર

# આજથી જાહેરમાં માસ્ક નહીં પહેરનારને કે જાહેરમાં થૂંકનારને ટકોરવાનું શીખી લેજો..!!

**ટાઈ પહેરવાનું ભૂલી જશો તો ચાલશે પરંતુ માસ્ક પહેર્યા વગર તો નહીં જ ચાલે : જો પાન-મસાલા ખાધા વગર ના ચાલે તેમ હોય તો સાથે થૂંકદાની રાખવાનું વ્યસન પણ અપનાવી લેજો : યાદ રાખજો વિદાય લોકડાઉનની થઈ છે, કોરોના વાયરસની નહીં**

ગાંધીનગર, તા.૩૧

વિશ્વભરમાં છેલ્લા પાંચેક માસથી અને ભારતમાં પણ બે-અઢી માસથી નોવેલ કોરોના કોવિડ-૧૯ વાઈરસ સંક્રમણના પગલે સમગ્ર જનજીવનમાં ભારે પરિવર્તન આણ્યું છે. ભારતમાં કોરોના મહામારી સામેની લડતમાં એક પછી એક સળંગ ચાર ચાર લોકડાઉન પછી પણ પરિસ્થિતી જે મુજબ પ્રારંભિક તબક્કે અપેક્ષિત હતી તેટલી સાનુકૂળ નિવડી શકી નથી. વડાપ્રધાને શરૂઆતમાં જ કહ્યું હતું કે 'વિશ્વમાં કોરોના વાયરસની કોઈ દવા નથી એટલે આ લડાઈ નવી છે, તેનો સામનો કેવી રીતે કરવો એ બાબતે દુનિયામાં કોઈની પાસે અનુભવ નથી. આ લડાઈમાં જેમ જેમ અનુભવ થાય તેમ તેમ જ વ્યૂહરચના બનાવતા જઈને લડતા રહેવાનુ છે'. બે માસથી વધુ સમયના લોકડાઉનના અંતે આપણે એ પણ નિખાલસપણે કબૂલ કરવું પડશે કે 'આપણી લડાઈ હજુ પૂરી નથી થઈ અને હવે આપણે કોરોના સાથે જીવવાનું શીખી લઈને જીવનમાં કેટલાક પરિવર્તન અપનાવવા પડશે અને જ્યાં સુધી આ વાયરસની કોઈ રસી કે દવા શોધાઈ ના જાય ત્યાં સુધી તેની સામે લડતા રહેવું પડશે'. લોકડાઉન દરમ્યાન આપણી સૌથી વધુ નજીક રહેલા સોશિયલ મીડિયા પર લોકડાઉન પૂરું થવા પર એક મેસેજ ચોટદાર




હતો કે 'જેમ તમે લોકડાઉન પૂરું થવાની રાહ જોઈને બેઠા હતા એમ કોરોના પણ રાહ જોઈને જ બેઠો છે તે યાદ રાખજો'. મતલબ સ્પષ્ટ છે કે લોકડાઉનની વિદાય થઈ છે, કોરોના વાયરસની નહીં અને જો હવે તમારે નોકરી-વ્યવસાય-શાળા-કોલેજ-લગ્ન-બર્થડે-પ્રવાસ-સમારંભ વગેરે બધુ જો ફરી શરૂ કરવું છે તો તે સાથે કોરોનાથી બચીને રહેવાનુ પણ શીખી લેવું પડશે અને તેનો પહેલો ગુરુમંત્ર છે 'સોશિયલ ડિસ્ટન્સિંગ' અને બીજો છે 'ફરજિયાત માસ્ક પહેરવો'.

કોરોના મહામારી સાથેની જિંદગી કેવી હશે? શું આપણાં દેશમાં 'હર્ડ ઈમ્યુનિટી' એટલેકે 'સામુહિક રોગપ્રતિકારક શક્તિ'નો વિકલ્પ કોરોનાને હરાવી શકે તેટલો મજબૂત બનશે કે જેનાથી લાંબે ગાળે કોરોના બેઅસર થઈ જશે? ત્યાં સુધી કે રસી ના શોધાય ત્યાં સુધી આપણે જીવનશૈલીમાં કેવા પરિવર્તન કરવા પડશે? શું આ પરિવર્તન વિવિધ વિચારધારા અને વૈવિધ્યપૂર્ણ સામાજિક-ધાર્મિક વૃત્તિ ધરાવતા નાગરિકો સામૂહિક રીતે અપનાવશે? આપણે ત્યાં સામાન્ય સંજોગોમાં જ્યાં રિક્ષાથી માંડીને એસટી બસો, કરિયાણાની દુકાનથી માંડીને મંદિરો અને બાગ-બગીચાઓથી માંડીને હોસ્પિટલ્સ દરેકમાં એટલી ભીડ રહે છે કે હવે ૫૦ ટકા જ મુસાફરો સાથેની બસો, ૫૦ જાનૈયા સાથેની જાન કે એકબીજાથી દૂર દૂર ઊભા રહીને મંદિરોની આરતી, મસ્જિદોમાં નમાજ, ચર્ચમાં પ્રાર્થના કે ગુરૂદ્વારામાં લંગર આપણે યોજી શકીશું?





આવા તો અનેક સવાલ માથે ઊભા છે અને હજુ નવા નવા સવાલો ઊભા પણ થશે. જો કે એક વાત એ પણ સાચી છે કે ભલે મરકઝના જમાતીઓ કે પ્રવાસી શ્રમિકોના કે અન્ય પ્રશ્નો ઊભા થયા છતાં હજુ સુધી આપણાં દેશમાં કોરોના સંક્રમણ માટે પ્રારંભથી આંતરરાષ્ટ્રીય સ્તરે જે ભય સેવવામાં આવી રહ્યો હતો તેના પ્રમાણમાં આપણે સારી અને મક્કમ લડત આપી છે. હવે સવાલ એ છે કે લોકડાઉન દૂર કરવાનું છે તો આપણે કેવી જીવન શૈલી અપનાવવી? તો અગાઉ કહ્યું તેમ સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્ક તો ફરજિયાત અપનાવવા જ પડશે, ઘરેથી ટીફીન લીધા વગર નીકળશો કે ટાઈ પહેરવાનું ભૂલી જશો તો ચાલશે પરંતુ માસ્ક પહેર્યા વગર તો નહીં જ ચાલે. ઘરમાં અને ઓફિસમાં જ નહીં ખિસ્સામાં કે પર્સમાં પણ એક સેનેટાઈઝરની બોટલ રાખવી પડશે અને વારંવાર તેનાથી કોણી સુધીના હાથ સાફ કરતાં રહેવું પડશે એટલું જ નહીં ઘર કે ઓફિસમાં અથવા જ્યાં પણ વ્યવસ્થા મળે ત્યાં હાથ-પગ-મ્હોં વગેરે સાબુથી ધોવાની ટેવ પર અપનાવવી પડશે. હવે 'સ્વચ્છતા અભિયાન' માત્ર જાહેરમાં સ્વચ્છતા જાળવવા પૂરતું મર્યાદિત રાખવાને બદલે અત્યાર સુધી પશ્ચિમના વિકસિત દેશો સહિત વિદેશોમાં જેને માટે આપણે વગોવાયેલા છીએ તે આપણી જાહેરમાં થૂંકવાની આદતને ભૂલાવવા સુધી લઈ જવું પડશે. એટલું જ નહીં જો કોઈ માસ્ક વગર સામે આવે કે જાહેરમાં થૂંકતા દેખાય તો તેમને આપણે શરમ-સંકોચ વગર ટકોરવા પણ પડશે જ. જો પાન-મસાલા ખાધા વગર ના ચાલે તેમ હોય તો સાથે થૂંકદાની રાખવાનું વ્યસન પણ અપનાવી લેજો. આપણે વારંવાર આપણાં સ્વાસ્થ્યની ચકાસણી કરાવતા રહેવું પડશે એટલું જ નહીં આપણી આસપાસના વ્યક્તિઓના સ્વાસ્થ્યની પણ ચિંતા કરવી પડશે. આર્યુવેદ કહે છે તેમ આહાર અને વિહાર બંનેમાં સાવધાની રાખવી પડશે અને ધાર્મિક સ્થળો કે લગ્ન સહિતના જાહેર મેળાવડામાં ભીડ કરવાને બદલે વડાપ્રધાને કહ્યું તેમ 'દો ગજ કી દૂરી, રખની હે જરૂરી'.

આ સમયે એક ખુદ સરસ કેમ્પેઈન શરૂ થયું છે 'ટીમ માસ્ક ફોર્સ'. આ કેમ્પેઈનમાં સચિન તેંડુલકર અને વિરાટ કોહલીથી માંડીને અને સેલબ્રિટીઝ ખેલાડીઓ એ જે સંદેશ પાઠવ્યો છે તે આ નવી જીવનશૈલીમાં ખૂબ ઉપયોગી સાબિત થાય તેમ છે. જેમ આપણે ઘરમાં આપણું ટુથબ્રશ જુદું રાખીએ છીએ, આપનો ટુવાલ અન્ય કોઈને વાપરવા દેતા નથી તે જ રીતે આપણે આપનો માસ્ક પણ અલગ જ રાખવો પડશે અને જ્યારે પણ બહાર નિકળીએ ત્યારે તેને હંમેશા પહેરીને નીકળવું પડશે. સરકાર બજારમાં સસ્તા માસ્ક ઉપલબ્ધ કરાવી શકે કે ના શકે પરંતુ આપણે આપણાં માસ્કની જાતે વ્યવસ્થા કરી લેવી પડશે અને માસ્ક કેવી રીતે બનાવવા, કેવા કેવા પ્રકારના માસ્ક બનાવી શકાય, કયું મટિરિયલ્સ વાપરવું વગેરે અંગે તો ખુબજ મહત્વની સાબિત થયેલી 'આરોગ્ય સેતુ એપ્પ' ઉપરાંત સોશિયલ મીડિયાથી માંડીને ઈન્ટરનેટ પર ઢગલો તરકીબો આપણાં હાથવગી સોરી આંગળીના વેઢાવગી જ છે ને? તો હવે રાહ કોની જોવાની છે, હો જાઓ તૈયાર સાથીઓ હો જાઓ તૈયાર..!!

-પ્રતિભાવો આવકાર્ય:
samirtalod@yahho.com